# ૨૨

# તિથિચર્ચા

## (૧)

**મંડાણ અને કલેશવૃદ્ધિ**

તિથિચર્ચાનો પ્રશ્ન તપાગચ્છ સંઘને માટે કલંકરૂપ નીવડચો છે. છેલ્લાં ચાલીશ વર્ષો દરમિયાન આ કલંકે, તપાગચ્છની શાન્તિમાં, સ્વસ્થતામાં, સમતામાં, એકતામાં અને નૂરમાં સુરંગો ચાંપી છે.

આનાં મંડાણ સં. ૧૯૯૨ના વર્ષમાં થયાં. તે અગાઉ બે વર્ષ પહેલાં થયેલા મુનિસંમેલન વખતે પોતાની અસહિષ્ણુ અને કદાગ્રહી વૃત્તિને લઈને અમુક વર્ગને પોતાના કદાગ્રહની સ્થાપનામાં સાંપડેલી નિષ્ફળતા, કદાચ, આના ઉત્થાન માટે જવાબદાર હતી.

સં. ૧૯૯૨માં, લૌકિક પંચાંગમાં ભાદરવા શુદિ પાંચમની વૃદ્ધિ આવી, ત્યારે સૂરિસમ્રાટ અને પૂ. આચાર્ય શ્રી વિજયસિદ્ધિસૂરિજી મહારાજ વગેરે મૂર્ધન્ય આચાર્યોએ આરાધનામાં બે પાંચમને બદલે બે ચોથ કરીને, બીજી ચોથે (લૌકિક પંચાંગની પહેલી પાંચમે) સંવત્સરી મહાપર્વ આરાધવાનો નિર્ણય જાહેર કર્યો. આ નિર્ણય તપાગચ્છ સંઘની શાસ્ત્રશુદ્ધ પ્રણાલિકાને અનુસારે કરાયો હતો.

પણ, 'ચાલુ ચીલે તો બધા ચાલે, એમાં શી નવાઈ? ખરી હોંશિયારી તો નવો ચીલો પાડવામાં છે!'–આ વિચારે એક વર્ગે, આ પ્રણાલિકાથી વિપરીત, લૌકિક પંચાંગની ચોથે સંવત્સરી કરવાનું નક્કી કર્યું; અને બે પાંચમ કાયમ રાખી.

આથી સંઘમાં મોટો વિખવાદ જનમ્યો. આગેવાનોની દૂરદર્શી દૃષ્ટિએ આમાં સંઘ-સંઘર્ષનાં ચિહ્નો જોયાં. એમણે એને અટકાવવા પ્રયાસ આદર્યો. સૂરિસમ્રાટે કહ્યું :



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"જેમ આ વર્ષે, તેમ આવતાં વર્ષે પણ આ પ્રમાણે બે પાંચમ આવનાર છે. આ વખતે આપણે કરેલા સર્વમાન્ય નિર્ણય અનુસાર આરાધના કરો. ચોમાસા પછી બધા આચાર્યો ભેગા મળીને આ અંગે વિચાર કરીને જે ઉચિત જણાશે તેમ નિર્ણય લઈશું."

પણ પેલા વર્ગે આનો અસ્વીકાર કર્યો. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજના શબ્દોમાં કહીએ તો 'કલહકારી કદાગ્રહ ભર્યાં, થાપતાં આપણાં બોલ રે'–જેવી એ વર્ગની મનોદશા બની ગઈ. પરિણામે, તપાગચ્છ સંઘમાં આ પ્રશ્ન પર બે પક્ષ પડી ગયા; એક-તિથિપક્ષ અને બેતિથિપક્ષ એવાં એનાં નામો પડ્યાં.

સં. ૧૯૯૩માં પણ એ જ પ્રમાણે ભેદ રહ્યો. બંને પક્ષે પોતપોતાની માન્યતા સાચી ઠરાવવાના તમામ પ્રયાસો શરૂ થયા. એમાં વર્તમાનપત્રો ને પત્રિકાઓ દ્વારા એકબીજાંને ખોટાં ઠેરવતાં લખાણો તથા સાચી-ખોટી ને સારી-નરસી રજૂઆતો થવાં લાગ્યા. અને ગાળાગાળીઓનું પ્રમાણ પણ ખૂબ વધવા લાગ્યું. ચોમેર નિન્દા, ક્લેશ ને ઇર્ષ્યાનાં થર જામતા ગયા. એને નિયમનમાં રાખનાર કોઈ ન હોઈ, એ પુરજોશથી ફાલવા લાગ્યા. આના પરિણામે, સંઘહિતચિંતક, સરળ અને તટસ્થ પુરુષોનાં હૈયામાં ભારે વિષાદ વ્યાપી ગયો. આ મતભેદ દૂર કરીને ઐક્ય કરાવવાના એમના પ્રયાસોનું પરિણામ નિષ્ફળતામાં આવતાં, એમનાં મન ખેદ અનુભવી રહ્યાં.

આ દિવસોમાં સૂરિસમ્રાટની પરિસ્થિતિ આવી હતી :

એમનો સિદ્ધાન્ત એ હતો કે 'છાપાં અને લેખો લખવા-લખાવવાથી છેટા રહેવું, સાધુએ એમાં કદી રસ ન લેવો.' એટલે ચાલતી ગાળાગાળીથી તેઓ પૂરા અલિપ્ત હતા.

'કોઈની જોડે લડવું નહિ, પણ કોઈ સામેથી લડવા ઇચ્છે અને આવે તો, પોતાના સાચાં સિદ્ધાન્તની સબળતા પુરવાર કરવા, એની જોડે ચર્ચા કરીને એને સાચા માર્ગે લાવવો.' આ એમની વ્યવહાર-નીતિ હતી.

તિથિચર્ચામાં લગભગ તેઓ મૌન હતા. આનો અર્થ એ નહિ કે તેઓ આ પ્રશ્નનું સમાધાન નહોતા ઇચ્છતા; તેઓ આના સમાધાન માટે ખૂબ આતુર હતા, ને જ્યારે જ્યારે જરૂર જણાય, ત્યારે ત્યારે એ માટે તટસ્થપણે પ્રયાસ પણ કરતા. અને એટલે જ, જ્યારે સંઘના અને બંને પક્ષના આગેવાનોને આના સમાધાન અંગે કાંઈ વાટાઘાટો કરવી હોય, કે માર્ગદર્શન જોઈતું હોય, ત્યારે સૂરિસમ્રાટ વગર એમનો કોઈ જ માર્ગ ન રહેતો. એ લોકો વારંવાર એમની પાસે આવતા. અને ત્યારે સૂરિસમ્રાટ પણ પૂરી નિખાલસતાથી, કોઈનીયે શેહમાં તણાયા વિના, પોતાને જે સાચું લાગતું તે કહેતા, ને માર્ગદર્શન આપતા.

તિથિચર્ચામાં, સૂરિસમ્રાટ જેટલી જ હૈયાઉકલત શ્રી વિજયનન્દનસૂરિજીની પણ હતી. કેટલીક વાર તો સૂરિસમ્રાટને જે રસ્તો સૂઝે, એ જ આમના મનમાં પણ અનાયાસે ઊગતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૂરિસમ્રાટ જેવું માર્ગદર્શન આપવા ધારે, એવું જ આ પણ આપતા. અને એ કારણે, તિથિ અંગેની સઘળી વાતોમાં ને વિચારણાઓમાં તેઓ પૂરો રસ લેતા, ને એ રીતે સૂરિસમ્રાટની જવાબદારીમાં સહભાગી બનતા.

પણ, સૂરિસમ્રાટ અને શ્રી વિજયનન્દનસૂરિજી, બંનેની પરિણામગામી દીર્ઘદૃષ્ટિમાં ચોક્કસ વસી ગયું હતું કે 'જે ઇરાદાઓથી અને હેતુથી નવા તિથિમતનું પ્રવર્તન થયું છે, તે જોતાં આ વાતનું સમાધાન કોઈ ઉપાયે થાય તેમ છે નહિ. બંને પક્ષે સરળતા હોય, સાચી વાત સમજવાની ને સ્વીકારવાની વૃત્તિ હોય, તો જ સમાધાન શક્ય બને." એટલે એ માટે થતા પ્રયાસો એમની નજરમાં લગભગ નિરર્થક જ હતા. છતાં, સમાધાનના પ્રયાસમાં પોતાનો જે સહકાર અપેક્ષિત હોય, તે આપવામાં એમણે કદી કચાશ ન કરી.

એક પ્રયાસ સં. ૧૯૯૩માં થયો. આમાં મુખ્ય ભાગ સામા પક્ષના આગેવાનોએ લીધેલો. એમની વિનંતિ અનુસાર એવું નક્કી થયું કે 'એકતિથિપક્ષે સૂરિસમ્રાટ, આચાર્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ વગેરે અને સામા પક્ષે તેના જન્મદાતા આચાર્ય, બધાએ ખંભાતમાં ભેગા મળીને આ પ્રશ્નનો નિવેડો લાવવો.' સામા પક્ષની પાકી કબૂલાત મેળવ્યા પછી, પોતાની અનિચ્છા છતાં, શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ વગેરેના અનુરોધથી, એમની સાથે સૂરિસમ્રાટે નાદુરસ્ત તબિયતે પણ જામનગરથી વિહાર કર્યો, પણ આ વિહારનો માર્ગ અરધો કપાયો કે તરત જ સામો પક્ષ ફરી ગયો! એણે ગલ્લાંતલ્લાં કરવા માંડયાં; જૂઠાણાંનો આશ્રય, જે એમના તરફથી અપેક્ષિત જ હતો, લીધો.

આ વખતે શ્રી વિજયનન્દનસૂરિજીએ એ પક્ષના આગેવાનોને ખૂબ ઠપકો આપ્યો; અને તે પછી સૂરિસમ્રાટે એ પ્રશ્નમાંથી રસ ઓછો કરી નાખ્યો.

શ્રી સાગરાનંદસૂરિજી મહારાજે સમાધાનની વાટાઘાટો ચાલુ રાખી. એના પરિણામે સં. ૧૯૯૮માં એવો નિર્ણય થયો કે 'શેઠ કસ્તૂરભાઈ લાલભાઈ આ પ્રશ્ન હાથમાં લે. તેઓ એક મધ્યસ્થ (લવાદ) નીમે, એ લવાદ શાસ્ત્રાર્થના માધ્યમે બંને પક્ષનાં મંતવ્યો જાણે. ને પછી એ જે નિર્ણય આપે, એ બધાને કબૂલ-મંજૂર.' આ અનુસાર એક મુસદ્દો ઘડીને એમાં બંને પક્ષના એક એક આચાર્યે સહી કરી, અને એ કસ્તૂરભાઈ શેઠને સુપરત કર્યો.

એ મુસદ્દા પર સૂરિસમ્રાટની સંમતિ અને સલાહ મેળવવા માટે શેઠે જાણીતા જજ શ્રી સુરચંદભાઈ પી. બદામી, શ્રી ભગુભાઈ સુતરિયા, શ્રી ચમનલાલ લાલભાઈ, શ્રી જીવતલાલ પ્રતાપશી, અને શ્રી પોપટલાલ ધારશી, આ પાંચ ગૃહસ્થોને સૂરિસમ્રાટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાસે મોકલ્યા. એ વખતે સૂરિસમ્રાટ તળાજા હતા. એમણે મુસદ્દાની વાત કરીને તેમાં સૂરિસમ્રાટની સંમતિ અને સલાહ માંગી.

સૂરિસમ્રાટનું મંતવ્ય એવું હતું કે 'શાસ્ત્રાર્થ ભલે થાય, પણ એ લેખિત ન થવો જોઈએ; એ તો જાહેર અને મૌખિક જ હોવો જોઈએ.' આ મંતવ્ય ધરાવવા પાછળ એમની ઊંડી દીર્ઘદૃષ્ટિ કામ કરતી હતી.

આ બાબત લક્ષ્યમાં રાખીને સૂરિસમ્રાટ વતી શ્રી વિજયનન્દનસૂરિજીએ જ વાત ઉપાડી : "જાહેર અને મૌખિક રીતે શ્રી વિજયરામચંદ્રસૂરિજીને શાસ્ત્રાર્થ કરવો હોય, તો તેમાં અમારી સંમતિ છે."

બદામી કહે : "સાહેબ ! આ મુસદ્દામાં જાહેર અને મૌખિક શાસ્ત્રાર્થ કરવાની જ વાત છે."

આ સાંભળીને એમણે એ મુસદ્દો વાંચવા માંગ્યો. બદામીએ એ કાઢી આપતાં એમણે મોટેથી વાંચ્યો. એમાં લખેલું :

"પાલિતાણા – તા. ૧૯–૪–૪૨ : વૈશાખ સુદ ૪–રવિવાર.

"શ્રી સકળસંઘની તિથિચર્ચા સંબંધી મતભેદની શાન્તિને માટે નિર્ણય મેળવવાને સારુ શેઠ કસ્તૂરભાઈ લાલભાઈ જે ત્રણ મધ્યસ્થોનાં નામો લાવે તેમાંથી અમારે બંનેએ (આચાર્ય શ્રી સાગરાનંદસૂરિ તથા આચાર્ય શ્રી વિજયરામચંદ્રસૂરિએ) બે નામોની પસંદગી કરવી. એમાં જે એક નામ બંનેને સંમત આવે તેને સરપંચ નીમી, તે, બંને પક્ષોના મંતવ્યોને સાંભળીને, જે નિર્ણય આપે તે અમારે બંનેએ કબૂલ રાખી, તે મુજબ વરતવું, આ મુજબ વરતવાનું બંધન બંનેના શિષ્ય સમુદાયને મંજૂર રહેશે.

"વિજયરામચંદ્રસૂરિ દા. પોતે. આનંદસાગર. દા. પોતે."

આ વાંચીને એમણે કહ્યું : "સહી કરનાર બંને આચાર્યો જાહેર અને મૌખિક શાસ્ત્રાર્થ વિના પણ પોતપોતાનું મંતવ્ય મધ્યસ્થને સમજાવી શકે છે. આમાં જાહેર અને મૌખિક શાસ્ત્રાર્થ એવો કોઈ શબ્દ છે જ નહિ."

એ સાંભળીને બદામીએ મુસદ્દા લઈને પુનઃ બરાબર વાંચ્યો, અને તરત એમણે કબૂલ્યું કે "આપની વાત બરાબર છે." પછી પૂછ્યું : "તો પછી સાહેબ ! જાહેર અને મૌખિક શાસ્ત્રાર્થ કઈ રીતે થાય ?"

શ્રી વિજયનંદનસૂરિજીએ કહ્યું : "એ ત્રણ રીતે થઈ શકે છે. એક, રાજસભામાં ગોઠવવો હોય તોપણ થઈ શકે છે; ભાવનગર રાજ્ય છે, વલભીપુર રાજ્ય છે, પાલિતાણા રાજ્ય પણ છે. જ્યાં કરવો હોય ત્યાં અમે તૈયાર છીએ."

બદામી કહે : "આમ બનવું તો અત્યારે અસંભવ છે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"તો પછી દયાળુ દાદાની પવિત્ર છાયામાં પાલિતાણામાં હિંદુસ્તાનનો સકલ સંઘ ભેગો કરવો, અને ત્યાં ચતુર્વિધ સંઘની હાજરીમાં શાસ્ત્રાર્થ થાય."

બદામી કહે : "પણ આવું કરવામાં ઘણી ધમાલ થવાનો સંભવ રહે."

એટલે શ્રી નંદનસૂરિજી કહે : "એમાં ધમાલ શી થાય ? બે જણા જાહેર, મૌખિક શાસ્ત્રાર્થ કરે અને બાકી તમામ વર્ગ શાંતિથી સાંભળે. બંને જણા પોતાના પક્ષકારોને શાંત રહેવા ભલામણ કરી શકે છે. અને છતાં તમને આ પણ ઠીક ન લાગતું હોય, તો ત્રીજો રસ્તો એ છે કે તમે પાંચ જણા, છઠ્ઠા શેઠ કસ્તૂરભાઈ–આટલાની હાજરીમાં જાહેર, મૌખિક શાસ્ત્રાર્થ થાય. પછી મધ્યસ્થ જે નિર્ણય આપે તે બંનેને કબૂલ રહે. આટલું તો થવું જ જોઈએ."

પાંચમાંના એક જીવાભાઈએ આ સાંભળીને કહ્યું : "આપનો જે રીતે વિચાર હોય તે આપ લખીને અમને આપો."

ત્રીજા વિચારમાં પાંચેની સંમતિ દેખીને એમણે તે જ વખતે એક મુસદ્દો ઘડ્યો. એમાં લખ્યું કે :

"તા. ૩–૫–૧૯૪૨

"વિક્રમ સંવત ૧૯૯૨ની સાલમાં શનિવારની સંવત્સરી તથા વિ. સં. ૧૯૯૩ની સાલમાં બુધવારની સંવત્સરી વિજયરામચંદ્રસૂરિજીએ તથા તેમના ગુરુજીએ તથા તેમના સાધુ-સમુદાયે જે કરેલી, તે શાસ્ત્રથી અને શ્રી વિજયદેવસૂરીશ્વરજીની પરંપરાથી વિરુદ્ધ છે, માટે તે સંબંધમાં પહેલવહેલો મૌખિક અને જાહેર શાસ્ત્રાર્થ વિજયરામચંદ્રસૂરિજીએ અમારી સાથે કરવો પડશે. તેઓએ તપાગચ્છના સર્વ આચાર્યોને જણાવ્યા સિવાય સંવત્સરી જુદી કરેલી હોવાથી તેમને જ પહેલાં પ્રશ્નો અમો પૂછીશું, અને તે પ્રશ્નોના ઉત્તર તેઓએ મૌખિક આપવા પડશે. અને પછી આ સંબંધમાં તેઓ પણ અમોને પ્રશ્નો પૂછી શકશે. ત્યારબાદ તિથિ સંબંધમાં પણ તે પ્રમાણે શાસ્ત્રાર્થ કરાશે. અને તેમાં મધ્યસ્થ જે ફેંસલો આપશે તે અમારે બંનેને કબૂલ રાખવો પડશે. જોકે મધ્યસ્થ તરીકે શ્રીસંઘમાંથી બંને પક્ષોને સંમત વ્યક્તિઓ નીમાય તે અમે વ્યાજબી માનીએ છીએ. છતાં ઠરાવ પ્રમાણે મધ્યસ્થ તરીકે જેને તમે નીમો તેમાં અમારો વાંધો ઉપયોગી નહિ હોવાથી અમારે વાંધો લેવો નથી.

"મધ્યસ્થ તરીકે નક્કી કરાયેલ વ્યક્તિ અમારા શાસ્ત્રાર્થના વિષયને બરાબર સમજી શકે તેમ છે કે નહિ, તેમ જ પ્રામાણિક છે કે નહિ, તે માટે અમારે પણ તેને તપાસવી પડશે.

"શાસ્ત્રાર્થ વખતે બંને પક્ષ તરફથી જેમને હાજર રહેવાની ઇચ્છા હશે, તેઓ ભાગ લઈ શકશે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ મુસદ્દો સૂરિસમ્રાટને વંચાવી, તેમની સંમતિ લઈને એ આ પાંચ ગૃહસ્થોને પણ વંચાવ્યો. અને તેમને સુપરત કર્યો.

તેઓ આ લઈને ગયા. પણ, એ મુસદ્દો સામા પક્ષને નામંજૂર થયો. કારણ, પેલા મુસદ્દામાં જે છટકબારીઓ રહેતી હતી, એમાંની એક પણ આમાં શોધી જડે એમ નહોતી.

આ પછી સં. ૧૯૯૯માં સૂરિસમ્રાટ બોટાદ હતા ત્યારે શેઠ કસ્તૂરભાઈ તથા શા. ચમનલાલ લાલભાઈ આ અંગે એમની સલાહ લેવા ત્યાં આવ્યા. એમણે પૂછ્યું: "આ રીતે મુસદ્દો ઘડી, તેમાં બંને આચાર્યોની સહીઓ લીધી છે, અને આ રીતે શાસ્ત્રાર્થ રાખેલ છે, તો આ બાબતમાં આપનો શો અભિપ્રાય છે? અને શી સલાહ છે?"

આનો જવાબ આપતાં શ્રી વિજયનંદનસૂરિજીએ કહ્યું:

"પ્રથમ તો આવી પ્રવૃત્તિ બને છે જ કેમ? સંઘમાં હું હોઉં કે બીજો હોય, પણ કોઈ સંઘથી જુદી પ્રવૃત્તિ કરવા માગે તો તે વ્યક્તિ પાસેથી સંઘના આગેવાનોએ ખુલાસો માગવો જોઈએ, આપણે એમ નથી કરતા, એ જ આપણી નબળાઈ છે.

"બીજું, તમે અમારી સંમતિ-સલાહ લેવા આવ્યા છો, તો તે સહી કરનાર બંને આચાર્યોને પૂછીને આવ્યા છો કે એમ ને એમ જ?"

શેઠ કહે: "હું મારા વિચારથી જ આવ્યો છું."

શ્રી વિજયનંદનસૂરિજીએ કહ્યું: "તો પછી અમારી સલાહ કે સૂચનાનો ઉપયોગ શો? કાલે એ બંનેમાંથી કોઈ પણ એમ કહે કે અમારે તેમની સલાહ કે સૂચનાની જરૂર નથી, તો અમારા સલાહ-સૂચનનો અર્થ શો રહે? અને અમારી સલાહ કે સૂચનાની જરૂર હોય, તો આ તમારો મુસદ્દો રદ કરી, ફરી નવો મુસદ્દો ઘડાવી, અને તેમાં 'ચાર આ પક્ષના આચાર્યો ને ચાર સામા પક્ષના આચાર્યોની આમાં સંમતિ લેવી.' એ રીતે લખવું જોઈએ. નીચે બંને આચાર્યોની સહીઓ લેવી જોઈએ, ને પછી બંને પક્ષના ચાર ચાર આચાર્યો પાસે જવું જોઈએ.

"અને, લેખિત શાસ્ત્રાર્થ કોઈ ઠેકાણે હોય જ નહિ. એવા શાસ્ત્રાર્થને શાસ્ત્રાર્થ પણ કહી ન શકાય. જાહેર અને મૌખિક રીતના શાસ્ત્રાર્થને જ શાસ્ત્રાર્થ કહેવાય. મહાન કવિ અને વિદ્વાન શ્રી હર્ષના 'ખંડનખંડખાદ્ય' ગ્રંથમાં પણ કહ્યું છે કે–'**कथायामेव निग्रहः**'–'વાદી-પ્રતિવાદીની મૌખિક ચર્ચામાં જ નિગ્રહ થાય.' ત્યાં પણ 'લખાણમાં નિગ્રહ' નથી કહ્યો.

"અને આ તમે ઘડેલો અને માન્ય કરેલો મુસદ્દો અમને મંજૂર નથી એનો અર્થ એ નથી કે, અમે શાસ્ત્રાર્થ કરવા નથી ઇચ્છતા! શાસ્ત્રાર્થ જો જાહેર અને મૌખિક રીતે કરાતો હોય તો એમાં અમારી સંમતિ જ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"અને, જાહેર, મૌખિક શાસ્ત્રાર્થમાં જે સાચું ઠરશે, તેનો સ્વીકાર કરવા અમો તૈયાર જ છીએ. એમાં અમારો કોઈ આગ્રહ સમજવો નહિ.

"પણ, લેખિતમાં–જે રીતે તમે નક્કી કર્યું છે–અમારી સંમતિ ન સમજવી. કેમ, કે એમાં મધ્યસ્થને કોઈ પક્ષ તરફથી પાંચસો મળે, કોઈ હજાર આપે, ને કોઈ વળી બે હજાર પણ આપે."

શેઠ કહે : "આમાં એવું નહિ બને."

એમણે કહ્યું : "નહિ બને તો ઘણું સારું. પણ અમારી તો જાહેર અને મૌખિક શાસ્ત્રાર્થમાં જ સંમતિ છે. આમાં નહિ."

છેવટે શેઠે કહ્યું : "હવે આપને બીજું કાંઈ કહેવાનું ન હોય તો અમે જઈએ છીએ."

આમાં સહેજ ચીડનો અને અણગમાનો ભાવ હતો, એ તેઓ તરત વરતી ગયા. એમણે તરત જ કહ્યું : "તમે કુરાન ને તલવાર લઈને આવ્યા છો, એમ ન સમજવું. (અર્થાત્) અમારા મુસદ્દામાં સંમતિ આપો, નહિ તો આ બધા અપયશનો ટોપલો આપના માથે છે, એવું સમજશો નહિ."

પછી શેઠ ઊભા થયા. વંદન કરીને રજા માગી, ત્યારે એમણે પોતાના પેલા મુસદ્દાની નકલ શેઠને આપી, અને કહ્યું : "લો, આ અમારો જવાબ છે."

એ લઈને જતાં જતાં શેઠ કહે "મને ઠીક લાગશે તો હું આ મુસદ્દા આપીશ."

એટલે તરત જ શ્રી વિજયનંદનસૂરિજીએ જવાબ વાળ્યો : "તમે જે કાર્યને અંગે અમારી સંમતિ, સૂચન ને સલાહ લેવા આવ્યા છો, તેની જરૂર હોય તો આપજો, નહિ તો તમારી મરજી."

શેઠ ગયા. શ્રી વિજયનંદનસૂરિજી તો ભવિષ્યની નક્કર કલ્પના કરીને જ બેઠા હતા કે (૧) આપણો મુસદ્દો મંજૂર નથી જ થવાનો. અને, એથી આપણને તો લાભ જ છે. આપણી તટસ્થતા નિર્બંધ રહે છે. (૨) શાસ્ત્રાર્થ માટે ઉત્સુક બંને પક્ષે ઘડેલા મુસદ્દા પ્રમાણે લવાદ નીમાશે, શાસ્ત્રાર્થ લેખિત થશે, અને એમાં પોતાનાથી શક્ય તમામ પ્રયાસે સામા પક્ષવાળા આ પક્ષની સરળતાનો લાભ ઉઠાવશે. પરિણામે, આ પક્ષને નુકસાની જ ભોગવવાની રહેશે; અપયશના જ ભાગીદાર બનવું પડશે.

જૂના મુસદ્દા અનુસાર લવાદની નિમણૂક કરીને શાસ્ત્રાર્થ કરવાનું સહી કરનાર બંને આચાર્યોએ અને શેઠ કસ્તૂરભાઈએ નક્કી કર્યું, અને તેનાં સ્થળ-સમય પણ નક્કી કરી લીધાં.

બોટાદથી સૂરિસમ્રાટ રોહિશાળાના દેરાસરની પ્રતિષ્ઠા માટે ત્યાં પધાર્યા. ત્યાંથી પાછલા રસ્તે શ્રી વિજયનન્દનસૂરિજી અવારનવાર ગિરિરાજની યાત્રાએ આવતા. એકવાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓ ત્રણ-ચાર મુનિરાજો સાથે જતા હતા, ને રસ્તામાં જ આચાર્ય શ્રી વિજયરામચંદ્રસૂરિજીનો મેળાપ થઈ ગયો. બંનેએ સાથે યાત્રા-ચૈત્યવંદનાદિ કર્યાં. અને રાયણ-પગલાનું ચૈત્યવંદન કરતી વખતે એમણે વિજયરામચંદ્રસૂરિજીને તળાજા અને બોટાદમાં થયેલી ઉપરની વાતો કહી સંભળાવી.

આવી જ રીતે એકવાર ગિરિરાજ ઉપર શ્રી સાગરાનંદસૂરિજી મહારાજનો મેળાપ થઈ ગયો. એમણે કહ્યું : "નન્દનસૂરિજી ! ચાલો, તમારી જોડે વાતો કરવી છે." અને બંને પેઢીની ઓફિસરૂમમાં જઈને બેઠા. બંનેએ ઘણી વાતો કરી. એમાં એમણે શ્રી સાગરાનંદસૂરિજી મહારાજને વિનયપૂર્વક સ્પષ્ટ શબ્દોમાં કહ્યું :

"મહારાજ ! આપ ભોળા છો, આ ક્યાંક આપને ફસાવી ન જાય, એનું ધ્યાન રાખજો ! આપ આ શાસ્ત્રાર્થ તો કરો છો, પણ એવું થશે કે આપ એને પ્રશ્ન નહિ પૂછી શકો, ને એ આપને બધું પૂછી લેશે.

"બીજું, આ શાસ્ત્રાર્થ અમને બંધનકર્તા નથી. અને, જાહેર અને મૌખિક રીતે કરવો હોય તો હજી પણ અમે તૈયાર છીએ."

પછી બંને છૂટા પડયા. શાસ્ત્રાર્થનો જે નિર્ણય લેવાયો હતો એમાં કાંઈ ફેરફાર થઈ શકે એમ હતું નહિ. એ શાસ્ત્રાર્થ શરૂ થાય, તે પહેલાં, એમાં મધ્યસ્થ-પંચ તરીકે નીમાયેલા વિદ્વાન ડો. પી. એલ. વૈદ્ય રોહિશાળા સૂરિસમ્રાટ પાસે આવ્યા. એમણે તો ઉપાશ્રયમાં પ્રવેશતાં જ બંધ વાળ્યો : 'केवलं वन्दनार्थमेवागतोऽस्मि'–'માત્ર વંદન કરવા માટે જ આવ્યો છું.' અર્થાત્ શાસ્ત્રાર્થ વિષે કાંઈ વાત કરવા નથી આવ્યો. આમ કહીને એમણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.

એ જેવા બેઠા, એવું તરત જ સૂરિસમ્રાટે પોતાની સ્વભાવગત નિખાલસતા અને સ્પષ્ટતાની વૃત્તિથી કહ્યું : "તમારો શાસ્ત્રાર્થ અમને કોઈ રીતે બંધનકર્તા નથી, એ સમજી રાખજો."

આનો દોર પકડતાં શ્રી વિજયનંદનસૂરિજીએ કહ્યું : "આનો અર્થ એ ન સમજશો કે અમે બંધાવા માગતાં જ નથી. પણ, જાહેર અને મૌખિક શાસ્ત્રાર્થની વાત હોય તો હજી પણ અમે બંધાવા તૈયાર જ છીએ."

આ પછી બીજી ઔપચારિક વાતો કરીને ડો. વૈદ્ય ગયા. પાલિતાણામાં લિખિત શાસ્ત્રાર્થ થયો. એમાં કચાશ રહી ગઈ હોય તેમ, મધ્યસ્થ-પંચે છેલ્લે બંને આચાર્યોને એક સ્થાને ભેગા કરીને બંનેની મૌખિક પરીક્ષા લીધી. અને એ પછી જે નિર્ણય (ચુકાદો) એમણે આપ્યો, એ જગજાહેર છે.

એ ચુકાદા વખતે સૌને સૂરિસમ્રાટની અને શ્રી વિજયનન્દનસૂરિજીની દીર્ઘદૃષ્ટિની સાચી પ્રતીતિ થઈ. અને, એ દીર્ઘદૃષ્ટિનો અમલ નહિ કરવાના પરિપાકરૂપે, તિથિચર્ચાના પ્રશ્નનું સમાધાન તો બાજુ પર રહ્યું, ઊલટું એ પ્રશ્ને ક્લેશમાં વૃદ્ધિ જ કરી !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૨૩

## તિથિચર્ચા

## (૨)

**સમાધાનનો નક્કર છતાં નિષ્ફળ પ્રયાસ**

સં. ૧૯૯૦ માં ભરાયેલા મુનિસમ્મેલનનો પ્રધાન હેતુ એ હતો કે સંઘમાં અમુક અંશે ફેલાયેલા અનિચ્છનીય વાતાવરણને દૂર કરવું, અને ભવિષ્યમાં એવું ન થવા પામે તેવી વ્યવસ્થા કરવી. આ હેતુનો અમલ સમ્મેલને એક સર્વસંમત પટ્ટકરૂપે અગિયાર નિયમો ઘડીને કર્યો.

પણ અફસોસ, સમ્મેલને ઘડેલા એ નિયમો કાગળ પર જ સચવાયા ! સમ્મેલન પછી બે જ વર્ષમાં વાતાવરણ અનિચ્છનીય બનતું ગયું.

એ અનિચ્છનીય વાતાવરણને કાયમી બનાવનાર તિથિચર્ચાનો જન્મ થયો. એને લીધે સમ્મેલને ઘડેલા નિયમો પૈકી ત્રીજા નિયમનો અને એના અનુસંધાનમાં નવમા નિયમનો ખુલ્લેઆમ ભંગ થયો. બીજા નિયમોના પાલન તરફ પણ લાપરવાહી સેવાતી થઈ. નવા તિથિમતનું વલણ સંઘની શાંતિમાં ભંગાણ પાડનારું નીવડ્યું. પછીનાં આઠેક વર્ષમાં તો તપાગચ્છ અશાન્તિનું ધામ બની ગયો !

અશાન્તિના આ કલંકને નિવારવા, પહેલાં કહ્યું તેમ, કેટલાક પ્રયાસો થયા, પણ એ નિષ્ફળ બન્યા. પણ એમ છતાં શાન્તિપ્રિય વ્યક્તિઓએ એ અંગે પ્રયત્નો શરૂ જ રાખ્યા. નવા તિથિમતના વૃદ્ધ પુરુષો પણ આ માટે સક્રિય હતા. પણ એમનાં આંતરિક પરિબળો જ એમના એ પ્રયત્નોને નાકામિયાબ બનાવતાં હતાં. એ પરિબળો છિન્ન-ભિન્નતામાં માનતાં હતાં, સંપમાં નહિ. આથી વૃદ્ધ મહાપુરુષોની સક્રિયતા નિરાશામાં જ પરિણમતી.

સં. ૨૦૦૦ના વર્ષે તિથિભેદનો અંત લાવીને અશાંતિ દૂર કરવાનો એક સંગીન, સુંદર પ્રયત્ન થયો. પણ, દર વખતે બનતું એમ, આ પ્રયત્ન પણ નિષ્ફળ જ રહ્યો.

વાત આમ બની હતી :

સં. ૨૦૦૦નું ચોમાસું સૂરિસમ્રાટ ખંભાતમાં રહ્યા હતા. યોગાનુયોગ, નવા તિથિમતથી કંટાળેલા ને એના નિવારણ માટે પ્રબળ ઉત્સુકતા ધરાવનાર આચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજ પણ ત્યાં જ ચોમાસું હતા. આ એ જ ખંભાત હતું,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યાં સં. ૧૯૯૨ પહેલાં તપાગચ્છના કોઈ પણ સમુદાયના મુનિરાજો 'જૈનશાળા'ના ઉપાશ્રયે ઊતરતા ને ચોમાસું કરી શકતા. અને, ૧૯૯૨ પછી આ જ ખંભાતના સંઘની એકતાને તિથિકલેશની આગે બાળીને ખાખ કરી નાખી હતી અને સંઘના બે વિભાગ થઈ ગયા હતા; એકતિથિને માનનાર સાધુ 'જૈનશાળા'એ જતા બંધ થયા; 'જૈનશાળા' એ બેતિથિપક્ષનો ઉપાશ્રય બની ગઈ!

આ વર્ષે, સૂરિસમ્રાટ ભંપોળના ઉપાશ્રયે હતા. શ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજ જૈનશાળાએ હતા. બંને પૂજ્યવરો શાંતિ માટે અતીવ ઉત્સુક હતા.

એક દિવસ બંને પૂજ્યવરો સ્તંભન પાર્શ્વનાથના દેરાસરે ભેગા થઈ ગયા. શ્રી વિજયનન્દનસૂરિજી સાથે જ હતા. શ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજ સૂરિસમ્રાટનો હાથ પકડીને પગથિયાં ચડ્યા. દેરાસરમાં બધાએ સાથે ચૈત્યવંદનાદિ ક્રિયા કરી. તે પછી બહાર નીકળીને પગથિયાં ઊતરતાં ઊતરતાં શ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજ સૂરિસમ્રાટને કહે :

"હવે તમારી ઉંમર વૃદ્ધ થઈ છે, મારી ઉંમર પણ વૃદ્ધ થઈ છે. હવે કોઈ રીતે આ તિથિનો ઝઘડો પતી જાય તો સારું."

સૂરિસમ્રાટે તરત જ કહ્યું : "તમે જેમ કહો તેમ આપણે કરીએ, હું એ માટે તૈયાર જ છું."

આટલી વાત કરીને બંને પૂજ્યવરો છૂટા પડ્યા. બંનેના મુખ પર નિખાલસતા તરવરતી હતી.

પર્યુષણા પછી બીજે જ દિવસે શ્રી વિજયલક્ષ્મણસૂરિજી વગેરે મુનિઓ સૂરિસમ્રાટ પાસે આવ્યા; ને એમણે વાતની શરૂઆત કરી : "તિથિ બાબતનો કલેશ દૂર કરવા આપણે કયો રસ્તો લેવો ? એ અંગે આપ દોરવણી આપો."

સૂરિસમ્રાટે સ્પષ્ટ કહ્યું : "શ્રી લબ્ધિસૂરિજી મહારાજ જે રીતે કહે તે રીતે હું તૈયાર જ છું. મેં સ્તંભનાજીના દેરાસરે પણ આ જ કહ્યું છે."

એટલે શ્રી વિજયલક્ષ્મણસૂરિજી શ્રી વિજયનન્દનસૂરિજીને કહે : "આપ કાંઈ રસ્તો બતાવો."

શ્રી વિજયનંદનસૂરિજી તો સમજતા હતા કે, શ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજની ગમે તેટલી ઇચ્છા હોય, પણ આ પ્રયત્નમાં, જેમને શાન્તિ જોઈતી જ નથી એવાં પરિબળોના પ્રતાપે, સફળતા મળવાની જ નથી. અને એ પરિબળોને 'ભાઈ-બાપુ' કહેવાનો કોઈ જ અર્થ નથી. આમ છતાં, શ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજની સરળતા અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંપની ભાવના જો સફળ બને તો ઉત્તમ કાર્ય બને, એવી ઇચ્છાથી, એમણે વાજબી માર્ગ દેખાડતાં કહ્યું :

"સં. ૧૯૯૨ પહેલાં આપણે કોઈએ પણ તપાગચ્છમાં બે બીજ, પાંચમ, આઠમ, અગિયારશ, ચૌદશ, પૂનમ કે અમાસ ક્યારેય કરેલ નથી; તેમ જ બીજ વગેરે પર્વ-તિથિનો ક્ષય પણ કરેલ નથી. લૌકિક પંચાંગમાં બીજ વગેરે તિથિની વૃદ્ધિ કે હાનિ હોય તોપણ આરાધનામાં બારે પર્વતિથિની વૃદ્ધિ-હાનિ આપણે કરી નથી, તેમ કરાતી પણ નથી. આ પ્રણાલિકા આજ સુધી અવિચ્છિન્નપણે ચાલી આવી છે. એ પ્રણાલિકામાં સં. ૧૯૯૨માં ને ૧૯૯૩માં ભાદરવા શુદ પાંચમ બે કરી, સંવત્સરી સકલ સંઘથી જુદી કરીને, પહેલો ફેરફાર તમારા પક્ષવાળાએ કર્યો, અને તિથિમાં મતભેદ પાડ્યો. એથી કલેશની પરંપરા વધી. એટલે હવે તમારા પક્ષવાળાએ એ વૃદ્ધિ-હાનિ છોડી દેવી જોઈએ. એમ થવાથી આ તિથિચર્ચાનો અંત આવી જાય છે, અને કલુષિત વાતાવરણનો અંત પણ આપોઆપ આવી જાય છે. આ એક રસ્તો છે.

"અને બીજો રસ્તો એ છે કે સં. ૧૯૯૨–૯૩માં શ્રી વિજયરામચંદ્રસૂરિજી વગેરેએ રવિવારની તથા બુધવારની સંવત્સરી તપાગચ્છથી જુદા પડીને કરી છે, અને તપાગચ્છના તમામ આચાર્યોને જણાવ્યા વિના તથા તેમની સંમતિ વિના કરી છે, તો તે ૧૯૯૨–૯૩ની સંવત્સરી શાસ્ત્ર અને પરંપરા પ્રમાણે વાજબી છે, એમ જાહેર અને મૌખિક રીતે સાબિત કરી આપે તો તિથિચર્ચાનો અંત આવે."

આ સાંભળી શ્રી વિજયલક્ષ્મણસૂરિજી કહે : "હવે શાસ્ત્રાર્થ વગેરેની વાત જવા દો; બીજો કોઈ રસ્તો બતાવો."

"આ સિવાય બીજો રસ્તો મારી પાસે નથી. હવે તો તમે જ માર્ગ કાઢો." શ્રી વિજયનંદનસૂરિજીએ સ્પષ્ટતા સાથે કહ્યું. એ બરાબર સમજતા હતા કે આમ કર્યા સિવાય કોઈ ઉપાયે તિથિકલેશ અટકે એમ નથી; બીજો એકેય ઉપાય કારગત નીવડે એમ નથી.

આ પછી તો શ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજની સૂચનાનુસાર નક્કી થયું કે "પૂજ્ય નેમિસૂરિજી મ. તથા પૂજ્ય લબ્ધિસૂરિજી મ. ભેગા મળીને સંવત્સરી અને તિથિ બાબતમાં એક નિર્ણય કરે, અને એ નિર્ણય બંને પક્ષને માન્ય કરવાનો. અને તપાગચ્છને પણ એ નિર્ણય મંજૂર રહે. વળી, બંને પૂજ્યવરોમાં કદાચ મતભેદ રહે, તો તેઓ બંને મળીને તપાગચ્છના ત્રણ કે પાંચ આચાર્યોને નીમે, અને તેમને એ મતભેદનો નિકાલ લાવવાનું સોંપે. એ નિકાલ સૌને મંજૂર રહે."

આ નિર્ણયમાં પોતપોતાના પક્ષકાર આચાર્યોની લેખિત સંમતિ બંને પૂજ્યવરો મેળવી લે, એમ પણ નક્કી થયું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ નિર્ણયથી ખંભાતમાં આનંદ છવાઈ ગયો. તિથિપ્રશ્નના સૌથી વધુ કડવાં ફળ ખંભાતે ભોગવ્યાં હતાં, એટલે એને આ નિર્ણયથી વિશેષ આનંદ થાય એ સ્વાભાવિક હતું.

આ નિર્ણયને સંમતિ આપતા શ્રી સાગરાનંદસૂરિજી મહારાજ તથા શ્રી વિજયનીતિસૂરિજી મહારાજ વગેરે વૃદ્ધ પુરુષોના પત્રો સૂરિસમ્રાટ પર અઠવાડિયામાં જ આવી ગયા છે, એ વાતની ભાળ મળતાં શ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજ તરફથી મુનિરાજ શ્રી વિક્રમવિજયજી તથા શ્રી ભાસ્કરવિજયજી એ અંગે આનંદ વ્યક્ત કરવા આવ્યા. એ વખતે શ્રી વિજયનંદનસૂરિજીએ એમને પૂછ્યું : "તમારું કામ કેટલે પહોંચ્યું ?" જવાબ મળ્યો : "પ્રયાસ ચાલુ છે, હજી વાર લાગશે."

આ તક ઝડપીને શ્રી વિજયનંદનસૂરિજીએ કહ્યું : "જ્યારે સં. ૧૯૯૨માં તમે બધાએ જુદી સંવત્સરી–શનિવારની–કરી, ત્યારે શ્રી વિજયરામચંદ્રસૂરિજીએ સાદડી ગામે ચોમાસું રહેલા તમારા પૂજ્ય ગુરુમહારાજની (શ્રી વિજયલબ્ધિસૂરિ મહારાજની) આજ્ઞા મેળવી, તેમની આજ્ઞાનુસાર શનિવારની સંવત્સરી જાહેર કરી હતી; અને તેના મોટાં મોટાં પોસ્ટરો છપાવીને બહાર પાડચાં હતાં, જે અત્યારે પણ મોજૂદ છે. તો આ વખતે જ્યારે, ખુદ શ્રી વિજયલબ્ધિસૂરિ મહારાજ પોતે સમાધાનનો માર્ગ કાઢે છે, અને સમાધાનનો નિર્ણય લાવે છે, ત્યારે શ્રી વિજયરામચંદ્રસૂરિજીએ પોતે એમ જ કહી દેવું જોઈએ કે 'પૂજ્ય વિજયલબ્ધિસૂરિજી મહારાજની આજ્ઞાથી ૧૯૯૨માં ભાદરવા શુદ પાંચમ બે કરી હતી, ને શનિવારની સંવત્સરી માન્ય કરી હતી, તો અત્યારે તેઓશ્રી જે સમાધાન કરે, અને જે એક નિર્ણય લાવે તે મારે અને અમારે–સર્વને કબૂલ જ છે.' આ રીતે એમણે શ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજ ઉપર લેખિત સંમતિ મોકલી આપવી જ જોઈએ."

શ્રી ભાસ્કરવિજયજીએ કહ્યું : "સાદડીની વાત હું નથી જાણતો." ત્યારે શ્રી વિક્રમવિજયજી કહે : "નંદનસૂરિજી મહારાજ જે કહે છે, તે બરાબર છે."

આ પછી ફરી એકવાર શ્રી વિજયલક્ષ્મણસૂરિજી સૂરિસમ્રાટ પાસે આવ્યા. એ કહે : "શ્રી વિજયરામચંદ્રસૂરિજીની સહી કદાચ ન આવે તો ચાલે કે કેમ ? કેમ કે, શ્રી વિજયપ્રેમસૂરિજી મહારાજની સહી આવે એમાં એમની સહી આવી જ જાય છે."

આના જવાબમાં શ્રી વિજયનન્દનસૂરિજીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું : "આમાં તો રામચંદ્રસૂરિજીની સહી જોઈએ જ. જ્યારે તિથિચર્ચાનો નિવેડો લાવવા માટે સાગરાનંદસૂરિજી મહારાજ અને વિજયરામચંદ્રસૂરિજીએ પી. એલ. વૈદ્યની મધ્યસ્થતા સ્વીકારી હતી ત્યારે લવાદના પ્રતિજ્ઞાપત્રમાં શ્રી વિજયરામચંદ્રસૂરિજીએ પોતાના ગુરુ શ્રી વિજય-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રેમસૂરિજીની હયાતી છતાંય પોતાની જ સહી કરી હતી; શ્રી વિજયપ્રેમસૂરિજીની સહી નહોતી કરાવી. એટલે આ નિર્ણયમાં પણ શ્રી વિજયરામચંદ્રસૂરિજીની સહી હોવી જ જોઈ એ."

શ્રી વિજયલક્ષ્મણસૂરિજી કહે : "એમણે પી. એલ. વૈદ્ય વખતે સહી આપી છે, એટલે જ આમાં સહી આપવા વિચાર નથી."

આનો ઉત્તર આપતાં સૂરિસમ્રાટે કહ્યું : "આ વિચાર એમનો વાજબી નથી. કારણ, હું તેમ જ વિજયલબ્ધિસૂરિજી મહારાજ જે નિર્ણય લાવીએ, તે કદાચ પી. એલ. વૈદ્યના ચુકાદાને મળતો આવે તો તેમાં વિજયરામચંદ્રસૂરિને કાંઈ વાંધો નથી. અને કદાચ અમારો નિર્ણય વૈદ્યના ચુકાદાથી જુદો આવે, તો પી. એલ. વૈદ્ય અમારા બન્નેની સાથે શાસ્ત્રાર્થ કરી શકે છે. એટલે એમાં પણ વિજયરામચંદ્રસૂરિને વાંધો હોય જ નહિ."

આની પુરવણી કરતાં શ્રી વિજયનન્દનસૂરિજીએ કહ્યું : "પી. એલ. વૈદ્યના નિર્ણય વખતે વિજયરામચંદ્રસૂરિજીએ સહી આપી છે, એટલે આમાં આપવાની જરૂર નથી, એ એમનું કથન બિલકુલ વાજબી નથી; માત્ર બહાનું જ છે."

થોડા દિવસો પછી સૂરિસમ્રાટ સપરિવાર ખંભાતથી એક માઈલ દૂર આવેલા શકરપર ગામે પધાર્યા. ત્યાં પાટણવાળા સંઘવી શેઠ નગીનદાસ કરમચંદ વંદનાર્થે આવ્યા. શેઠ કેશવલાલ બુલાખીદાસ તે વખતે ત્યાં બેઠા હતા. નગીનભાઈ એ વંદન કરીને બેસતાં બેસતાં કહ્યું : "સાહેબ ! હવે આ તિથિનું બધું ચોક્કસ પતી જશે." આટલું કહી, ખિસ્સામાંથી એક કાગળ કાઢીને શ્રી વિજયનંદનસૂરિજીને વંચાવ્યો.

એ વાંચીને તરત જ શ્રી વિજયનંદનસૂરિજીએ એમને રોકડું પરખાવ્યું : "હવે એ પતવાનું નથી, એ લખી રાખજો !"

"આપ આમ કેમ કહો છો, સાહેબ ?" નગીનભાઈ અકળાઈ ગયા.

શ્રી વિજયનંદનસૂરિજી કહે : "આ પત્રમાં વિજયરામચંદ્રસૂરિજી ખંભાત આવવાનું લખે છે. એટલે મને લાગે છે કે હવે પતવાનું નથી. ખરી રીતે તો તેમણે શ્રી વિજયલબ્ધિસૂરિ મહારાજને લખી દેવું જોઈએ કે 'તિથિ બાબતમાં આપ જે સમાધાન લાવશો તે મારે કબૂલમંજૂર છે.' અહીં આવવાનો શો અર્થ છે ?

"મેં તો એકવાર વિજયલબ્ધિસૂરિજી મહારાજને પણ, સ્તંભનાજીના દેરે ભેગા થયા ત્યારે, કહ્યું હતું કે "મહારાજ ! આપની ભાવના ઘણી ઉત્તમ છે, સરળતાથી ભરેલી છે. કોઈ રીતે આ તિથિચર્ચાનો અંત આવે, અને સંઘમાં એકતા સ્થપાય તેવી આપની સાચી ભાવના છે. પણ આ બાબતમાં આપને જશ મળવો કે આપને જશ આપવો, એ આપના હાથમાં નથી, એમ મને લાગે છે."

આ સાંભળીને નગીનભાઈ અવાક બની ગયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને આખરે બન્યું પણ એમ જ. શ્રી વિજયનંદનસૂરિજીએ કહ્યા પ્રમાણે, શ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજે તિથિચર્ચાનો નિવેડો લાવીને સમસ્ત તપાગચ્છમાં શાંતિમય ઐક્ય સ્થાપવાનું જે ઉત્તમ કાર્ય હાથમાં લીધું હતું, તે કાર્ય શ્રી વિજયરામચંદ્ર-સૂરિજીના ખંભાતમાં આગમન પછી ડહોળાઈ જવા પામ્યું! પરિણામે, શ્રી વિજય-લબ્ધિસૂરિ મહારાજની હાર્દિક ભાવના નિષ્ફળ બની. એમના તરફથી સૂરિસમ્રાટને જણાવવામાં આવ્યું કે "અમે અમારા પ્રયત્નોમાં નિષ્ફળ નીવડ્યા છીએ. હવે સમાધાન નહિ થાય. આપ ખુશીથી વિહાર કરશો."

છિન્નભિન્નતામાં માનતાં આંતરિક પરિબળોનો આ પ્રભાવ હતો!

કહો કે, સંઘની શાંતિનો કાળ હજી પાક્યો ન હતો!

# ૨૮

## તિથિચર્ચા

### (૩)

**વિ. સં. ૨૦૦૪**

સંવત ૨૦૦૪માં સંવત્સરીમાં ભેદ આવ્યો. લૌકિક પંચાંગમાં ભાદરવા શુદ પાંચમનો ક્ષય હતો, એટલે બે સંવત્સરીની આરાધના તપાગચ્છમાં ત્રણ રીતે થઈ.

બેતિથિવાળાના નામે સુખ્યાત નવા પક્ષે પાંચમનો ક્ષય કાયમ રાખીને ચોથ-પાંચમ ભેગા ગણી મંગળવારે સંવત્સરી આરાધી.

શ્રી સાગરાનંદસૂરિજી મહારાજ વગેરેએ પાંચમના ક્ષયે ચોથ અથવા ત્રીજનો ક્ષય કરીને ચોથ ને સોમવારે સંવત્સરી આરાધી.

સૂરિસમ્રાટે અને બીજાઓએ, સં. ૧૯૫૨, ૧૯૬૧ ને ૧૯૮૯માં તપાગચ્છના માન્ય વૃદ્ધ મહાપુરુષોએ અને શ્રી સકલ સંઘે શ્રી વિજયદેવસૂર તપાગચ્છસંઘની સેંકડો વર્ષોથી ચાલી આવતી શાસ્ત્રાનુસારી અવિચ્છિન્ન પ્રણાલિકા અનુસાર જે રીતે પાંચમના ક્ષયે અન્ય પંચાંગના આધારે છઠનો ક્ષય કરીને શુદ ચોથે સંવત્સરી કરેલી, તે જ રીતે આ વર્ષે (૨૦૦૪માં) પણ અન્ય પંચાંગના આધારે ભાદરવા શુદ છઠનો ક્ષય સ્વીકારીને શુદ ચોથ ને મંગળવારે સંવત્સરી જાહેર કરી અને આરાધી.

સૂરિસમ્રાટ સ્વયં તો વૃદ્ધાવસ્થા ને અશક્તિના કારણે આમાં વિશેષ રસ નહોતા લઈ શકતા, પણ એમની સૂચના ને માર્ગદર્શન અનુસાર શ્રી વિજયનંદનસૂરિજી એમાં પૂરતો રસ લેતા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ત્રણ રીતની સંવત્સરીની આરાધનામાં બન્યું એવું કે બેતિથિવાળા ને સૂરિસમ્રાટ વગેરેની સંવત્સરી મંગળવારે સાથે થતી હતી; જ્યારે શ્રી સાગરાનંદસૂરિજી મહારાજ વગેરેની સોમવારે થતી હતી. આની ચર્ચા ને તોફાનો ખૂબ ચાલ્યાં. કોઈ રીતે સૂરિસમ્રાટ વગેરે સોમવારમાં આવે, એ માટે અથાગ પ્રયાસો થયા. પત્ર-પત્રિકાઓના થોકડા બહાર પડવા લાગ્યા. ગાળાગાળીની પણ સીમા ન રહી.

પણ સૂરિસમ્રાટને આરાધનામાં રસ હતો—સાચી પ્રણાલિકા મુજબની આરાધનામાં; એમને આ ખટપટ, ચર્ચા કે કલેશમાં જરાય રસ ન હતો. એમના તરફથી સ્પષ્ટ જાહેર થયું કે "અમે તો આપણી શુદ્ધ પ્રણાલિકાનુસાર છઠના ક્ષયે પાંચમ અખંડ રાખીને ચોથે સંવત્સરી કરવાના છીએ. બેતિથિવાળા સાથે અમારે કોઈ નિસબત નથી. અમારે તો પ્રામાણિક પ્રણાલિકા ને આરાધના સાથે જ સંબંધ છે."

એમની આ જાહેરાતથી વિરોધીઓના વિરોધમાં ભારે ઉછાળો આવ્યો. તા. ૧૧-૮-'૪૮ ના 'મુંબઈ સમાચાર'માં સૂરિસમ્રાટને ઈર્ષ્યાળુ, વ્યક્તિદ્વેષી, મૂષકનીતિવાળા, કુબુદ્ધિ વાપરનારા, અશાન્તિ ફેલાવનારા વગેરે સ્વરૂપે ચીતરવામાં આવ્યા. ૧૬-૮-'૪૮ના 'મુંબઈ સમાચાર'માં એમની ગણતરી મિત્રદ્રોહીમાં કરાઈ. અને કલેશ-કલહથી અલિપ્ત રહીને રચનાત્મક શાસનપ્રભાવના કરવાની તેમની તટસ્થ વૃત્તિને લીધે તેમને નિર્બળ અને નવા પક્ષ તરફ ઢળતા કલ્પવામાં આવ્યા.

આ બધાં લખાણોથી અસ્વસ્થ ન થતાં સ્વસ્થ ને મૌન રહેવાની વિનતિ કરતા અનેક સમજુ-વિચારક આત્માઓના પત્રો સૂરિસમ્રાટ પર અને એમના શિષ્યો પર આવ્યા. એવા એક પત્રમાં શ્રી વિજયનંદનસૂરિજી ઉપર ભાવનગરથી શ્રી વિજયલલિતસૂરિજીએ લખ્યું હતું કે—

"વિ. શ્રી હંસસાગરજીનાં હેન્ડબીલો-લેખો અનેકવાર વાંચ્યાં. તે વખતે મનમાં એવી વિચારણા આવી કે શ્રી નંદનસૂરિજી ગુરુભક્ત છે, તો એમનાથી આ લેખો, આ લખાણો સહન નહિ જ થાય. છતાં સમતા કરીને બેઠા છે, તે એમની વિદ્યાને અને સંયમશ્રુતિને જ આભારી છે.

"પણ આજે 'મુંબઈ સમાચાર'નો એક લેખ જે સોનગઢથી લખાયો છે, તે શેઠ જુઠાભાઈ સાકરચંદ લેતા આવ્યા અને વ્યાખ્યાનમાંથી ઊઠ્યા બાદ અનેક ધર્મપ્રેમી મનુષ્યોએ વાંચ્યો. વાંચવાવાળા અને સાંભળવાવાળા-બંનેના મનમાં અત્યંત ગ્લાનિ થઈ.

"હવે હું પણ લગભગ સિત્તેર વર્ષનો વૃદ્ધ, બાવન વર્ષનો દીક્ષિત સાધુ છું, તો મારી હાર્દિક ભાવના એ જ છે કે '**किं मन्दराद्रिशिखरं चलितं कदाचित्**'-એવી ધીરતા રાખી જેવી રીતે આજ સુધી ઉપેક્ષણીય લોકોની ઉપેક્ષા કરતા આવ્યા છો એવી જ ગંભીર વૃત્તિ રાખશો. જેની આપણે આજ સુધી ચેષ્ટા જોઈ મનમાં દયાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરિણામ લાવતા આવ્યા છીએ તેના દયાપાત્ર કે ચર્ચાપાત્ર આપણે ન બનીએ એવી મારી ખાસ ભલામણ છે. પછી તો ' किं बहुना सुज्ञेषु '–વિદ્વાનોને વધારે લખવાનું ન હોય. એ જ."

પણ, સૂરિસમ્રાટ ને શ્રી વિજયનંદનસૂરિજી 'વાસ્તવમાં મેરુશા અડગ હતા. ભયાનક જોખમકારી વાવંટોળમાં પણ જેઓ અવિચલિત રહેતા, એમને આવી પત્ર-પત્રિકાઓ શી અસર કરી શકે? એ તો નિર્લેપ અને નિર્વિકાર જ રહ્યા.

આ અરસામાં મુનિરાજ શ્રી દર્શનવિજયજી ત્રિપુટીએ એક પત્ર શ્રી વિજયનંદન-સૂરિજીને લખ્યો. એમાં મંગળવારની સંવત્સરી ખોટી હોવાનાં પ્રમાણો, તથા બીજી શંકાઓનો ઉલ્લેખ હતો. એના જવાબમાં શ્રી વિજયનન્દનસૂરિજીએ ખૂબ સ્પષ્ટતા, નિખા-લસતા અને નીડરતાથી એક પત્ર લખ્યો. એ એક જ પત્રમાં એમણે આજ સુધી નીકળેલ તમામ પત્ર-પત્રિકાઓનાં લખાણોને નિરર્થક બનાવી દીધાં. રામબાણ જેવો એમનો એ પત્ર આપણે પણ વાંચીએ—

" વઢવાણ કેમ્પ,
જેઠ વદ ૬ રવિ.

" વઢવાણ કેમ્પથી વિજયનંદનસૂરિ,

" તત્ર મુનિ શ્રી દર્શનવિજયજી, મુનિ શ્રી જ્ઞાનવિજયજી તથા મુનિ શ્રી ન્યાયવિજયજી યોગ્ય અનુવંદના.

" જેઠ વદ ૩ને ગુરુવારે શ્રાવક ગિરધરભાઈ સાથે મોકલેલ પત્ર પહોંચ્યું. સંવચ્છરી સંબંધી તમોએ કેટલાક ખુલાસા પૂછાવ્યા, પણ આવી બાબતો માટે રૂબરૂ મળી ખુલાસા મેળવવા વ્યાજબી છે તે તમો જાણો છો. અત્યાર સુધીમાં તમોએ તમારા તરફથી પંચાંગો છપાવ્યાં તે તમોએ અમોને જણાવ્યું નથી તેમ કોઈ જાતનો ખુલાસો પણ પૂછાવ્યો નથી. ત્યાર પછી તમારા તરફથી તમોએ 'જૈન પર્વ તિથિનો ઇતિહાસ' નામની પુસ્તિકા છપાવી તે પણ તમોએ અમોને જણાવ્યું નથી તેમ કોઈ ખુલાસો પૂછાવ્યો નથી, અને હવે અત્યારે ખુલાસા પૂછાવવાનો અર્થ શો?

" વિ. તા. ૭–૬–૧૯૪૮ સોમવારના 'મુંબઈ સમાચાર'માં આવેલ આર્ટીકલ અમોએ, અમારા ગુરુમહારાજાએ કોઈએ પણ આપેલ નથી, તેમ છપાવેલ પણ નથી, તેમ છાપામાં કોણે આપેલ છે તે પણ અમો જાણતા નથી. અમો પ્રાયઃ છાપામાં આપતા નથી તેમ જ લખાવતા નથી, છતાં અમોએ તે આપેલ છે અથવા લખાવેલ છે એમ જે કોઈ માને તે તેની પોતાની સમજણ વગરનું છે.

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

"૧૯૫૨માં જોધપુરી ચંડાંશુ ચંડૂ પંચાંગના બનાવનાર પંડિત શ્રીધર શિવલાલને જ તે વખતે પૂછાવતાં તેઓએ લખ્યું હતું કે 'અમારું પંચાંગ બ્રહ્મપક્ષી છે. તે મારવાડ દેશમાં માન્ય છે. તમારા દેશમાં સૌરપક્ષ માન્ય છે તો તે પ્રમાણે તમારે છઠનો ક્ષય કરવો.' અને આ સંબંધમાં ૧૯૫૨ શ્રાવણ શુદ ૧૫ નો 'જૈન ધર્મ પ્રકાશ' નો પુસ્તક ૧૨, અંક ૫ મો, તથા ૧૯૫૨ અષાડ વદ ૧૧ નું 'સચાજી વિજય' વાંચશો તો વિશેષ ખુલાસો થશે. અને 'શ્રી આત્મારામજી મહારાજનો પણ પોતાની હયાતીમાં એ પ્રમાણે જ (છઠના ક્ષયનો) મત હતો,' તે પણ તેમાં તમોને સ્પષ્ટ જણાઈ આવશે. તા. ૧૮–૫–'૩૭ના 'આત્માનંદ પ્રકાશ' પુ. ૩૪, અંક ૧૨મામાં આ. શ્રી વિજયવલ્લભસૂરિજી પણ લખે છે કે 'સ્વર્ગસ્થ ગુરુદેવની આજ્ઞા મુજબ ૧૯૫૨માં ભાદરવા શુદ ૬નો જ ક્ષય માન્યો હતો.' તો જો તે વખતે શ્રી આત્મારામજી મહારાજે તમારા લખવા પ્રમાણે ભા. શુ. ૫ના ક્ષયે પાંચમનો જ ક્ષય આદેશ્યો હોત તો આ રીતે આ. શ્રી વિજયવલ્લભસૂરિજીને પોતાના ગુરુદેવની વિરુદ્ધ લખવાનું કાંઈ પણ કારણ હોય તેમ અમો માનતા નથી.

"વળી તમે લખો છો કે આ. શ્રી વિજયસિદ્ધિસૂરિજી કહે છે કે 'હું પહેલેથી જ પાંચમનો ક્ષય માનતો આવ્યો છું અને બીજાઓએ પણ પાંચમનો ક્ષય કરી ઉદય ચોથે સંવચ્છરી કરી છે.' એ પણ તદ્દન ખોટું છે. તે વાત ૧૯૮૯ના 'વીરશાસન', વર્ષ ૧૧ના અંક ૪૧ તથા ૪૪માં આ. શ્રી વિ. દાનસૂરિજીના ખુલાસામાંથી સ્પષ્ટ જણાશે. કારણ કે તેમાં આ. શ્રી વિ. સિદ્ધિસૂરિજી તો શું પણ સકલ શ્રી તપાગચ્છીય ચતુર્વિધ સંઘમાંથી કોઈએ પણ ભા. શુ. ૫નો ક્ષય માન્યો ન હતો, પણ અન્ય પંચાંગોના આધારે છઠનો જ ક્ષય માન્યો હતો તે વાત સ્પષ્ટ છે.

"વિ. તમો લખો છો કે 'ભાદરવા શુદ ૬નો ક્ષય કરી શુદ ૪ને મંગળવારે સંવચ્છરી કરવાથી આ. શ્રી વિ. રામચંદ્રસૂરિજીની સાથે સંવચ્છરી થશે. અને આથી તેમનો પક્ષ સાચો છે એવું ભદ્રિક જીવો તથા ભદૈયા શ્રાવકો માનશે.' તે પણ તમારું માનવું ખોટું છે, કારણ કે તેમની અને આપણી સંવચ્છરી એક દિવસે આવવાથી કંઈ એક થઈ જવાતું નથી. કારણ કે તેઓ પાંચમનો ક્ષય કરે છે, જ્યારે આપણે છઠનો ક્ષય માનવાનો છે. અને આપણે એવો વિચાર કરીએ તો લોંકાગચ્છ વગેરેની સંવ-ચ્છરી પણ આપણી સાથે આવશે તો શું આપણે તે વખતે તેવા થઈ જશું? માટે તે વાતમાં કાંઈ પણ ભય રાખવાનો હોય નહિ.

"વળી તમોએ લખ્યું કે 'આમ આ બાબત ઉપર ખૂબ વિચાર કરશો અને કલમવાર સમાધાન જણાવશોજી. અને વિગતવાર ખુલાસો કરશોજી.' તો અમારા ક્ષયો-પશમ પ્રમાણે અમોએ પ્રાયઃ દરેક મુદ્દા ઉપર પ્રથમથી જ વિચાર કરેલો છે. '**अणागए चउत्थीए**' એ પાઠની વ્યવસ્થા તેમ જ '**क्षये पूर्वा.**' એ વચનની વ્યવસ્થા પણ અમારા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધ્યાનમાં જ છે અને દરેકનો અમારા ક્ષયોપશમ પ્રમાણે વિગતવાર ખુલાસો છે, પણ કાગળમાં એ બધા જ ખુલાસા થઈ શકતા નથી. બાકી આ. શ્રી વિજયાનંદસૂરિજી (શ્રી આત્મારામજી મહારાજ), પં. શ્રી ગંભીરવિજયજી ગણિજી મહારાજ, લવારની પોળના ઉપાશ્રયવાળા પં. શ્રી પ્રતાપવિજયજી ગણિજી મહારાજ વિગેરે આપણા વડીલો શાસ્ત્ર અને પરંપરાને આધારે જ ચાલનારા હતા, પણ પોતાની કલ્પનાના આધારે ચાલનારા ન હતા. તેઓ બહુશ્રુત, ભવભીરુ, અનુભવી અને શ્રી વીતરાગશાસનના સંપૂર્ણ પ્રેમી હતા. તેઓ શાસ્ત્ર અને પરંપરાને જરા પણ વિરોધ આવે એવું કદી પણ કરે એવું માનવાને કાંઈ પણ કારણ નથી.

"શાસ્ત્રાનુસારિ, અવિચ્છિન્ન, સુવિહિત પરંપરા પ્રમાણે સેંકડો વર્ષોથી આ એક જ ધોરી માર્ગ ચાલ્યો આવે છે. સં. ૧૯૫૨માં આ. શ્રી સાગરાનંદસૂરિજીએ જુદી સંવચ્છરી કરી, તેમજ સં. ૧૯૯૨–૧૯૯૩માં આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી, તેમના ગુરુજી, તથા તેમના અનુયાયીઓએ જુદી સંવચ્છરી કરી. બાકી ભારતવર્ષના તમામ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા—એ ચતુર્વિધ સંઘ આ જ ધોરી માર્ગ ઉપર ચાલ્યો આવે છે. અને અમો પણ શાસ્ત્ર અને પરંપરાએ તે જ ધોરી માર્ગમાં ચાલ્યા જઈએ છીએ. છતાં પણ જ્યારે આ. શ્રી સાગરાનંદસૂરિજી સં. ૧૯૫૨ની સંવચ્છરી સંબંધી સકલ સંઘથી પોતાની જુદી આચરણા, તથા આ. શ્રી વિ. રામચંદ્રસૂરિજી સં. ૧૯૯૨–૧૯૯૩ની સંવચ્છરી સંબંધી સકલ સંઘથી પોતાની જુદી આચરણા શાસ્ત્ર અને વિજયદેવસૂરિજીની પરંપરા પ્રમાણે વ્યાજબી છે એમ અમારી રૂબરૂમાં, જાહેર અને મૌખિક રીતે સાબિત કરશે તો અમો પણ અમારા વિચાર છોડવાને તેમ જ મિચ્છા મિ દુક્કડમ્ આપવાને તૈયાર જ છીએ. અને એમાં અમારો કદી પણ આગ્રહ સમજવો નહિ. વળી તમોએ લખ્યું કે 'ભાવિ સંઘની રક્ષા તથા એકતાને ખાતર અમારી નમ્ર વિનંતિ છે.' તો તે સંબંધમાં જાણવું જે સંઘની રક્ષા અને એકતા ભા. શુ. ૫ના ક્ષયે પાંચમનો ક્ષય માનવામાં જ, કે ભા. શુ. ૫ના ક્ષયે ત્રીજનો ક્ષય કરવામાં જ હોય એવું અમોને લાગતું નથી. પણ સં. ૧૯૫૨, ૧૯૬૧, ૧૯૮૯ પ્રમાણે સકલ શ્રીસંઘે આચરેલ ધોરી માર્ગે ચાલવામાં જ સંઘની એકતા સચવાશે અને તે જ અમોને વ્યાજબી લાગે છે.

"તમોએ તમારી 'જૈન પર્વ તિથિનો ઇતિહાસ' નામની પુસ્તિકામાં પત્ર ૪૪ મે લખ્યું છે કે 'સં. ૧૯૬૧માં શ્રી સાગરજી મહારાજે પણ કપડવંજના સંઘની એકતા માટે સંઘને અન્ય પંચાંગ માન્ય રાખવા દીધું હતું'; તો આ વખતે પણ તેઓએ સં. ૧૯૬૧માં કપડવંજની જેમ અન્ય પંચાંગને માન્ય રાખી છઠનો ક્ષય કરી સકલ શ્રીસંઘની સાથે ભાદરવા શુદ ૪ મંગળવારે શ્રી સંવચ્છરી કરવી, તે જ અમોને વ્યાજબી લાગે છે. અને તો જ સંઘની સાચી એકતા સાચવવાની સાચી ભાવના કહેવાય. તમારે પણ તે જ રીતે પ્રેરણા કરવી, તે જ વ્યાજબી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"શ્રી કલ્પસૂત્ર, શ્રી નિશીથસૂત્ર તથા ચૂર્ણિ, તથા યુગપ્રધાન શ્રી કાલિકાચાર્ય ભગવાનની આચરણા વગેરે અનેક પ્રમાણોને અનુસારે તેમ જ ત્રિકાલાબાધિત જૈન શાસ્ત્રાનુસારિ તપાગચ્છીય શ્રી વિજયદેવસૂરીય પરંપરા પ્રમાણે તેમ જ શ્રીધર શિવલાલવાળા જોધપુરી ચંડાંશુચંડુ પંચાંગને આધારે; વળી ૧૯૫૨, ૧૯૬૧, ૧૯૮૯માં અમદાવાદના ડહેલાનો ઉપાશ્રય, લવારની પોળનો ઉપાશ્રય, વીરનો ઉપાશ્રય, વિમળનો ઉપાશ્રય, વગેરે તમામ ઉપાશ્રયવાળાએ અને હિન્દુસ્તાનના સકલ શ્રી તપાગચ્છના આચાર્યોએ, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, એ ચતુર્વિધ સંઘે આચરેલ આચરણા મુજબ આ વર્ષે પણ સં. ૨૦૦૪નું સંવચ્છરી મહાપર્વ ભાદરવા સુદ ૪ મંગળવારે તા. ૭–૯–૪૮ના રોજ આરાધવું તે જ અમોને વ્યાજબી લાગે છે. તમારે પણ આ જ પ્રમાણે સંવચ્છરી પર્વ આરાધવું તે અમોને ઉચિત લાગે છે, વ્યાજબી લાગે છે, અને હિતકર લાગે છે. પછી જેમ તમારી મરજી.

"સં. ૧૯૫૨ની શ્રીસંઘની આચરણાથી અત્યાર સુધીમાં કોઈ પણ જાતની ગરબડ ઊભી થઈ નથી. તેમ ભવિષ્યમાં થશે એવું અમારું માનવું છે જ નહિ.

"મુનિશ્રી દર્શનવિજયજીની તબિયત હવે સારી હશે."

કેવો સ્પષ્ટ અને સુંદર છે આ પત્ર!

એની સરળ, સભ્ય ભાષા, વાંચનારને તરત જ સમજાઈ જાય એવી છે. શબ્દે શબ્દે શ્રી વિજયનંદનસૂરિજીની દીર્ઘદર્શી બુદ્ધિમત્તા નીતરે છે.

શાંતિની સાચી ચાહના અને શાંતિના માર્ગની એમની ઊંડી સૂઝબૂઝ આ પત્રની પૂર્વભૂમિકામાં પડ્યાં છે.

કાશ, આ અદ્ભુત શક્તિપુંજનો પૂરો લાભ લઈ શકાયો હોત તો?